## સંસ્કાર સૌરભ

માણસોથી ન ડરો.
-હદીસ બોધ

### બોધ વચન

દુનિયા મૂર્ખ કહે તો એની પરવા ન કરશો, પણ દુર્જન ન કહી જાય તેની કાળજી રાખજો.
-જ્યોર્જ બર્નાર્ડ શો

### આજની આરસી

૫ સપ્ટેમ્બર રવિવાર ૨૦૧૦
૨૫ રમઝાન હિજરી ૧૪૩૧
શ્રાવણ વદ બારસ સંવત ૨૦૬૬

| | |
|---|---|
| સુબ્હ સાદિક | ૫-૦૨ |
| તુલુએ આફતાબ | ૬-૨૩ |
| ખત્મે ઝવાલ | ૧૨-૩૯ |
| ગુરૂબે આફતાબ | ૬-૫૪ |
| સૂર્યોદય | ૬-૨૩ |
| સૂર્યાસ્ત | ૬-૫૪ |

### ગુસ્ગુસિયું

શિક્ષક : લેંઘો એકવચન કે બહુવચન ?
વિદ્યાર્થી : ઉપરથી એકવચન પણ નીચેથી બહુવચન છે.

## ટૂંકાવીને....

### લોકપાલ અને લોકાયુકતને સ્વતંત્ર બનાવવાની માંગ

(એજન્સી) નવી દિલ્હી, તા.૪
કર્ણાટકના લોકાયુક્ત સંતોષ હેગડે, પૂર્વ ચૂંટણી કમિશનર જે.એમ. લિંગદોહ અને પૂર્વ કેન્દ્રીય વિજિલન્સ કમિશનર પી.શંકર સહિતના નાગરિકોના જૂથે વડાપ્રધાનને પત્ર લખીને જણાવ્યું હતું કે, રાજકીય અને વહીવટી ભ્રષ્ટાચારને અટકાવવા માટે લોકપાલ બિલને અસરકારક અને સ્વતંત્ર પસાર કરાવવાની માંગ કરી હતી. ૧ સપ્ટેમ્બરે મનમોહનસિંહને લખવામાં આવેલા પત્રમાં સ્વતંત્ર રીતે લોકાયુકતો અને લોકપાલોની નિમણૂક કરવાની માગ કરવામાં આવી છે. પત્રમાં જણાવવામાં આવ્યું હતું કે, કેન્દ્ર સ્તરે લોકપાલ અને રાજ્ય સ્થળે લોકાયુકત જેવી સ્વતંત્ર અને અસરકારક ભ્રષ્ટાચાર વિરોધી એજન્સીની નિમણૂક કરવાની જરૂર છે.

### વકીલોએ મહિલા અદાલતોની સંખ્યા વધારવાની માંગ કરી

(એજન્સી) નવી દિલ્હી, તા.૪
લગ્ન સંબંધી વિવાદોના વધતા જતા કેસોનો ભરાવો ઓછો કરવા અને પીડિતોને ત્વરિત ન્યાય મળે, તે માટે દિલ્હીના વકીલોએ દિલ્હી હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશને પત્ર લખી નીચલી અદાલતમાં મહિલા અદાલતોની સંખ્યા વધારવાની માંગ કરી છે. મુખ્ય ન્યાયાધીશ ન્યાયમૂર્તિ દીપક મિશ્રાને મોકલવામાં આવેલા પત્રમાં જણાવવામાં આવ્યું છે કે, મહિલા અદાલતોની સંખ્યા ખૂબ જ ઓછી છે જેના કારણે લગ્ન સંબંધી વિવાદોના કેસોની સંખ્યા વધતી જાય છે. વકીલ રૂબિંદ્ર પાલના નેતૃત્વમાં દોઢસોથી પણ વધુ વકીલોએ ન્યાયમૂર્તિ મિશ્રાને મોકલેલા પત્રમાં જણાવ્યું છે કે, મોટાભાગની મહિલાઓ પોતાના નાના બાળકોની સાથે ત્વરિત રાહત મેળવવા માટે મહિલા અદાલતોની મદદ લેતી હોય છે.

### પ્રદૂષણ નિયંત્રણ અંગે કેન્દ્ર સરકારે પરિણામલક્ષી નીતિ જાહેર કરી

(એજન્સી) નવી દિલ્હી, તા.૪
પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની બેઠકમાં કેન્દ્ર સરકારે પ્રદૂષણ નિયંત્રણ માટેની એક નવી નીતિની જાહેરાત કરી હતી. આ નવી નીતિ અનુસાર આગામી નાણાકીય વર્ષથી આયોજન પંચ દ્વારા પ્રદૂષણ નિયંત્રણ માટે આપવામાં આવતી ૨ ટકા રકમ હવે રાજ્યોના દેખાવને ધ્યાનમાં રાખી આપવામાં આવશે. પર્યાવરણ પ્રધાન જયરામ રમેશે જણાવ્યું હતું કે, કુલ ૧૮૦૦ કરોડ રૂપિયા રાજ્યોને ફાળવવામાં આવશે. રમેશે વધુમાં જણાવ્યું હતું કે, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની ક્ષમતામાં વધારો કરવા માટેની વર્લ્ડ બેંકની યોજનાનો કડક શરતોને આધીન અમલ કરવામાં આવશે.

## શબ્દ ટુડે-(૧)-૯૬૫



**આડી ચાવી**

૧. રમઝાનમાં જહન્નમના દરવાજા બંધ તથા ----ના દરવાજા ખૂલી જાય છે (૩)
૩. અંધેરી નગરીને ---ટકે શેર ભાજીને ટકે શેરભાજી ને ટકે શેર ખાજા (૪)
૫. મુસ્લિમ ધર્મનો એક ફાંટો - ---વ્હોરા (૩)
૭. ખાલી ----વાગે ઘણો (૨)
૮. પરાક્રમી પુરૂષ, વીરોભાઈ (૨)
૯. વરસાદની રાહ જોતું એક પક્ષી (૩)
૧૦. પઢવા માટેની મણકાની માળા (ઉર્દૂ) (૩)
૧૨. ---નૂર આદમી હજાર નૂર કપડાં (૨)
૧૪. મુસ્લિમ માન્યતા અનુસાર કબરમાં સવાલ-જવાબ માટે આવતા બે ફરિસ્તા (૬)
૧૬. ઝઘડાની માંડવાળ, સંપ (૩)
૧૮. પરવરદિગાર, ખુદા (૨)
૧૯. ખ્રિસ્તી સાધ્વી (અં.) (૨)
૨૦. સ્થિર, અડગ (૪)
૨૩. નિસ્તેજ, નિરસ (૨)
૨૫. ભંડાર, ખજાનો (જો.છૂ.) (૨)
૨૬. ત્રણ પૈડાનું પેસેન્જર વાહન (૨)
૨૭. દાગીનો, ઘરેલું, ચીજ (૩)
૨૮. દુનિયાનો ફાસ્ટેસ્ટ દોડવીર (૨)

**ઊભી ચાવી**

૧. મહેનત, શ્રમ (૪)
૨. રમઝાન મહિનાની નમાજ જે ઈશા વખતે પઢાય છે (૪)
૩. ઘાસનો ઢગલો, ઓછો (૨)
૪. યાચક (૩)
૬. ----વિનાની હજોપણ ઘટ વિનાની ન હજો (૨)
૯. નોકર, સેવક (૩)
૧૧. 'લેસ્બીયન' આડું અવળું (૪)
૧૨. કાર્યક્રમ સંચાલક લંગર (અં.) (૩)
૧૩. અકબરના દરબારના નવરત્નો પૈકીનો એક (૪)
૧૫. ઘણો નાના કકડો, કરચ (૩)
૧૭. ઈમામ અબુ હનીફાના અનુયાયી (૩)
૨૦. મિત્ર, દોસ્ત, એક મુસ્લિમ પુરૂષ નામ (૩)
૨૧. ----લેખ મિથ્યા ન થાય (૨)
૨૨. કુર્આને પાકને તિલાવતથી પઢવાની તાલીમ લીધી હોય તે (૨)
૨૪. લત્તામંડપ, વનરાજી (૨)

-એમ.એફ.મુન્શી

### ઉકેલ-(૧) ૯૬૪

**આડી ચાવી**

(૧) દિકરી, (૪) કલ, (૬) બાપુ, (૭) લોકલ, (૮) દીપાવલી, (૯) જાડો, (૧૦) ફરવું, (૧૨) કારી, (૧૩) ગાલીબ, (૧૪) નામદાઈર, (૧૬) લાલ, (૧૮) તોલ, (૧૯) સોદો, (૨૧) અનેક, (૨૨) હેલી, (૨૪) પેજર, (૨૬) બારડ, (૨૭) શખસ, (૨૮) ચાઅજ.

**ઊભી ચાવી**

(૧) દિલોજાન, (૨) કકડો, (૩) રીલ, (૪) કદીર, (૫) લપાવું, (૬) બાલી, (૧૦) ફરીદા, (૧૧) રૂબલ, (૧૨) કામના, (૧૫) ઈન્ડોનેશિયા, (૧૭) પસોપેશ, (૨૦) દોજખ, (૨૩) લીડર, (૨૫) રસ, (૨૬) બાજ.

## રાજ્યોની રફતાર

### સાત ગેરકાયદેસર ચર્ચોને મળી કાયદેસરતા

(એજન્સી) શિલોંગ, તા.૪
સરકારી જમીન પર બાંધવામાં આવેલા સાત ચર્ચોને કાયદેસરની મંજૂરી મેઘાલય સરકાર દ્વારા આપવામાં આવી હતી. ડેપ્યુટી કમિશનર સંજય ગોયલે જણાવ્યું હતું કે, સરકારી જમીન પર બાંધવામાં આવેલા ચર્ચોને કાયદેસર ગણીને આ ચર્ચોની જમીનને સંબંધિત ચર્ચ કમિટીઓને સોંપી દેવાના નિર્દેશ જારી કરવામાં આવ્યા છે. આ અંગેની સૂચના શહેરી પ્લાનિંગ અધિકારીઓને આપી દેવામાં આવી છે. કમિશનરે જણાવ્યું હતું કે, ધાર્મિક લાગણીને ધ્યાનમાં રાખી આ નિર્ણય લેવામાં આવ્યો છે.

### પશ્ચિમ બંગાળમાં વધુ એક ખેડૂતે આત્મહત્યા કરી

(એજન્સી) કોલકાતા, તા.૪
પશ્ચિમ બંગાળના બર્ધમાન જિલ્લામાં ખેડૂતે દેવાનાં દબાણ હેઠળ આત્મહત્યા કરી લીધી હતી. જિલ્લા મેજિસ્ટ્રેટ ઓમકાર મીણાએ જણાવ્યું હતું કે, આ આત્મહત્યા દુષ્કાળ સાથે સંબંધિત હતી કે નહીં તે સ્પષ્ટપણે કહી શકાય તેમ નથી પરંતુ એક વાત સ્પષ્ટ છે કે ખેડૂતોની આર્થિક સ્થિતિ સારી ન હતી. અને તે દેવામાં ડૂબેલા હતા. ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં જ આ જિલ્લાના અન્ય બે ખેડૂતોએ આત્મહત્યા કરી લીધી હતી. મીણાએ જણાવ્યું હતું કે, ગોસાઈ યાત્રાએ આત્મહત્યા આર્થિક કારણોસર આત્મહત્યા કરી હતી. આત્મહત્યાના ત્રણ દિવસ અગાઉ જ તેની પત્નીએ એક બાળાને જન્મ આપ્યો હતો.

### અર્થહીન અરજી કરવા બદલ હાઈકોર્ટે દંડ ફટકાર્યો

(એજન્સી) નવી દિલ્હી, તા.૪
૧૮ વર્ષ જૂના મિલકતના કેસમાં બિનજરૂરી અરજી દાખલ કરવા બદલ અરજકર્તાઓને સમૂહને ૭૫૦૦૦ રૂા.નો દંડ દિલ્હી હાઈકોર્ટે ફટકાર્યો હતો. હાઈકોર્ટે જણાવ્યું હતું કે, આ અરજકર્તાઓનો ઉદ્દેશ કેસના ઝડપી નિકાલની પ્રક્રિયામાં અવરોધો ઉભા કરવાનો હતો. અરજીને ફગાવતા ન્યાયમૂર્તિ વી.બી. ગુપ્તાએ જણાવ્યું હતું કે, કોઈપણ ખૂણેથી જોતા ટ્રાયલ અદાલતના ચુકાદામાં કોઈ પણ પ્રકારની ખામી જોવા મળી ન હતી. અરજકર્તાઓનો એક માત્ર ઉદ્દેશ ૧૮ વર્ષ જૂના કેસને વધુ વિલંબિત બનાવવાનો હતો. અદાલતે જણાવ્યું હતું કે, અરજકર્તાઓએ એક પછી એક અરજી કરીને કેસને વધુ વિલંબિત બનાવ્યો હતો.

## ખાંડના ઉત્પાદનમાં વધારો થતા નિકાસ

# કેન્દ્રની અઢી લાખ ટન ખાંડના જથ્થાની નિકાસને અંતે મંજૂરી

(એજન્સી) નવી દિલ્હી,તા.૪
સરકારે આગામી ત્રણ મહિનામાં આશરે અઢીલાખ ટન ખાંડની નિકાસને લીલીઝંડી આપવાનો નિર્ણય કર્યો છે. આના કારણે ખાડ મિલો ૧૦ લાખ ટનના પોતાની નિકાસ જવાબદારીને કેટલાક અંશે પરિપૂર્ણ કરી શકશે. ખાંડ મિલોએ એડવાન્સ લાયસન્સ સ્કીમ(એલએસ) હેઠળ વર્ષ ૨૦૦૪-૨૦૦૫ના પાક વર્ષ (ઓક્ટોબર-સપ્ટેમ્બર)માં ૨૦.૭૫ લાખ ટન ખાંડની આયાત કરી હતી. આ કારણસર ખાંડ મિલોની જવાબદારી વધી ગઈ હતી. આયાતના કારણે ખાંડ મિલોને આટલાજ જથ્થામાં ખાંડની નિકાસ કરવાની જવાબદારી આવી ગઈ હતી. ખાંડ મિલો ઉપર હજુ પણ આશરે ૧૦ લાખ ટન નિકાસની જવાબદારી છે. આની સમય મર્યાદા માર્ચ ૨૦૧૧ની છે. ખાદ્યાન્ન મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારીએ વિગત આપતા જણાવ્યુ છે કે ખાંડ મિલોને બે તબક્કામાં પોતાની નિકાસ જવાબદારીને પરિપૂર્ણ કરવાની મંજુરી આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ખાંડ મિલો આગામી ત્રણ મહિનામાં ૯,૬૭,૦૦૦ ટનના કુલ જથ્થામાંથી ૨૫ ટકા જથ્થાની નિકાસ કરી શકે છે. બાકીનો જથ્થાની નિકાસ નવેમ્બર મહિના બાદ કરી શકાય છે. ખાંડ સાથે સંકળાયેલી મિલો મંત્રાલયના રિલીઝ ઓર્ડર વગર ખાંડની નિકાસ કરી શકે નહી. સરકારે નાણાકીય વર્ષ ૨૦૧૦-૨૦૧૧માં વાર્ષીક માંગની સરખામણીમાં વધારે ઉત્પાદન થવાના કારણે ખાંડની નિકાસને મંજુરી આપવાનો નિર્ણય કર્યો છે. આ અગાઉ બે વર્ષ સુધી ઉત્પાદન ખૂબ ઓછુ રહ્યુ હતુ જેથી નિકાસની મંજુરી અપાઈ ન હતી.

### ખાંડની નિકાસની સાથે સાથે

- ખાંડ મિલોને બે તબક્કામાં નિકાસની જવાબદારી પરિપૂર્ણ કરવાની મંજુરી
- ત્રણ મહિનામાં ૯,૬૭,૦૦૦ના કુલ જથ્થા પૈકી ૨૫ટકા જથ્થાની નિકાસ ખાંડ મિલો કરી શકશે
- બાકીના જથ્થાની નિકાસ નવેમ્બર બાદ કરાશે
- ખાંડ ઉત્પાદન માંગ કરતા વધારે રહેતા નિકાસને મંજુરી

## નવી ભલામણમાં નાણા મંત્રાલયની ચકાસણી

# ગ્રેજ્યુએટી ચૂકવણીને પહોંચી વળવા માટે અલગ ફંડ રચાશે

**કોઈપણ કૌભાંડની સ્થિતિમાં કર્મચારીઓની નિવૃત્તિની બચત જતી ન રહે તેની ખાતરી કરવાના હેતુથી નવી તૈયારી**

(એજન્સી) નવી દિલ્હી,તા.૪
ભારતીય કંપનીઓને તેમના કર્મચારીઓની ગ્રેજ્યુએટી ચુકવણીને પહોચી વળવા માટે એક અલગ ફંડની રચના કરવા કહેવામાં આવે તેવી શક્યતા છે. કર્મચારીઓની નિવૃત્તિની બચત કોઈપણ કોર્પોરેટ કૌભાંડના કારણે જતી ન રહે તેની ખાતરી કરવાના હેતુસર આ હિલચાલ હાથ ધરવામાં આવી છે. સરકાર દ્વારા રચવામાં આવેલા એક પંચે તેના અહેવાલમાં ઘણાબધા સુચનો કર્યા છે. આ પંચે નાણા મંત્રાલયને તેના અહેવાલો સોંપી દીધા છે. નાણા મંત્રાલયના અધિકારીએ આ અંગે વિગત આપતા કહ્યુ છે કે અમે આ ભલામણોમાં અભ્યાસ કરીશુ. વ્યવસ્થામાં કરવામાં આવેલા સુચનનો મતલબ એ થયો કે કંપનીઓને તેમની ગ્રેજ્યુએટીની જવાબદારીને પહોચી વળવા માટે અલગથી નાણા નિયમિત રીતે મુકવા પડશે. કોર્પોરેટ ઈવેન્ટ માંથી કર્મચારીના નિવૃત્તિના નાણાને નુકસાન ન થાય તેની ગણતરી કરવામાં આવી રહી છે. દસથી વધુ કર્મચારી ધરાવનાર કંપની સર્વિસમાં પૂર્ણ કરવામાં આવેલા દરેક વર્ષ માટે મહિનાના મૂળભૂત પગારના અડધા પગારના દરે ગ્રેજ્યુએટીની ચુકવણી કરે છે. કંપની સાથે સતત સર્વિસના પાંચ વર્ષ પરિપૂર્ણ કરનાર ગ્રેજ્યુએટી ચુકવણી માટે હકદાર છે. તેમની નોકરી પરિપૂર્ણ થવાની સ્થિતિમાં આ નાણા ચુકવવામાં આવે છે. હાઈ પ્રોફાઈલ સત્યમ કૌભાંડ સપાટી પર આવ્યા બાદ કર્મચારીઓમાં દહેશત ફેલાઈ ગઈ હતી. હવે આવી સ્થિતિને ટાળવા માટે કર્મચારીની સંપત્તિને ટ્રસ્ટ લો હેઠળ અલગ ટ્રસ્ટમાં રાખવાની વાત કરવામાં આવી છે. નવી પેન્શન સ્કીમ માટે વ્યૂહરચનાને અમલી બનાવવા માટે સુચન કરવામાં આવ્યા છે. વેપારના એક અગ્રણી અંગ્રેજી અખબારમાં આ અહેવાલ પ્રકાશિત કરાયા બાદ લોકોમાં અટકળોનો દોર શરૂ થયો છે.

### ગ્રેજ્યુએટી ચૂકવણી હાલ બિનરક્ષિત

## ગ્રેજ્યુએટી મર્યાદા વધારી ૧૦ લાખ કરવા વિચારણા

ગ્રેજ્યુએટીની ચુકવણીમાં હાલ રક્ષણની કોઈ જોગવાઈ નથી. અલબત્ત ગ્રેજ્યુએટી એક્ટમાં આવી બચતનું રક્ષણ કરવાની ચોક્કસપણે વાત કરવામાં આવી છે. પરંતુ અહેવાલમાં કર્મચારીઓ માટે ફરજિયાત જોગવાઈનું સુચન કરવામાં આવ્યુ છે. ગ્રેજ્યુએટીના નિયમો વધારે સખ્યામાં સંસ્થાઓને આવરી લે છે. આ દરખાસ્ત ખુબજ મહત્વપૂર્ણ છે કારણ કે સરકાર ગ્રેજ્યુએટીની મર્યાદા ૩.૫ લાખથી વધારીને દસ લાખ કરવા વિચારી રહી છે. અલબત્ત આ પગલુ સરળ નથી. કારણ કે શ્રમ મંત્રાલયના અધિકાર ક્ષેત્ર હેઠળ આ મામલો આવે છે.

## એચજીએમએલ પણ સંયુક્ત સાહસ કરશે

# સોનાના ભાવ વધતા ગોલ્ડ માઈનિંગમાં પણ રસ વધ્યો

**ભારત ગોલ્ડ માઈનને પુનઃસજીવન કરવા પ્રયાસ : ખાણ મંત્રાલય દ્વારા કેન્દ્રીય કેબિનેટની મંજૂરી માંગવામાં આવી**

(એજન્સી) કોલકાતા,તા.૪
સોનાની કિંમત રેકોર્ડ ઉચી સપાટીએ પહોચી રહી છે. ત્યારે ગોલ્ડ માઈનીંગ માટેના ભાવિને લઈને પણ નવી આશા જાગી ગઈ છે. લોકો અને સરકારનું પણ ગોલ્ડ માઈનીંગ તરફ ફરી એકવાર ધ્યાન દોરાયુ છે. વર્ષ ૨૦૦૧ બાદથી બંધ રહેલી સરકારી ભારત ગોલ્ડ માઈન્સ(બીજીએમએલ)ને ફરી સજીવન કરવાની હિલચાલ શરૂ થઈ ચુકી છે. આવી જ રીતે દેશની એકમાત્ર લિસ્ટેડ ખાનગી ગોલ્ડ માઈનર ડેક્કન ગોલ્ડ માઈન્સે પણ સોનામાં ઉત્પાદન શરૂ કરવા ગેસ ઉપર ધ્યાન કેન્દ્રિત કરી લીધી છુ. કર્ણાટક સરકારની માલિકીની હુટ્ટી ગોલ્ડ માઈન્સ (એચજીએમએલ) પણ સંયુક્ત સાહસ મારફતે ઉત્પાદનને વધારવાની યોજના બનાવી રહી છે. ભારતમાં એકમાત્ર સોનાના ઉત્પાદક એવા હુટ્ટી ગોલ્ડ માઈન્સે નવી જ વિચારણા હાથ ધરી છે. બીજીબાજુ ખાણ મંત્રાલયે પણ બીજીએમએલને પણ પુનઃસજીવન કરવા કેબિનેટની મંજુરી માંગી છે કારણ કે મંત્રાલય માર્જિનમાં મોટો નફો મળે તેમ માને છે. કર્ણાટક હાઈકોર્ટે એવો આદેશ આપ્યો હતો કે વર્તમાન સોનાના બજારને ધ્યાનમાં લઈને બીજીએમએલને સક્રિય કરી શકાય છે. બીજીએમએલ ૨૦૦૧થી બંધ છે. હાલમાં સોનાની કિંમત પાંચ ગણી વધી ગઈ છે. ૨૦૦૧ની સરખામણીમાં આ ભાવ અનેક ગણો વધી ગયો છે. બીજીએમએલને બંધ કરાઈ ત્યારે ૪૮૦૦ ભાવ હતો જે આજે ૧૯૦૦૦ સુધી વધ્યો છે. વૈશ્વિક માઈનીંગ કંપનીને સંયુક્ત સાહસમાં રોકવાની પણ હિલચાલ ચાલી રહી છે. ભારત ગોલ્ડમાં સરકાર દ્વારા જાળવી રાખવામાં આવેલા શેર નેલ્કોને વેચવાની પણ હિલચાલ છે.

### સોનામાં તેજીની સાથેસાથે

- ભારત ગોલ્ડ માઈન્સને પુનઃસજીવન કરવાના પ્રયાસો
- દેશની એક માત્ર લિસ્ટેડ ખાનગી ગોલ્ડ માઈનર પણ સોનામાં ઉત્પાદન વધારવા તૈયાર
- ભારતમાં સોનાના એક માત્ર ઉત્પાદક કર્ણાટક સરકારની હુટ્ટી ગોલ્ડ માઈન્સ પણ સંયુક્ત સાહસ મારફતે ઉત્પાદન વધારવા ઈચ્છુક
- ખાણ મંત્રાલયે બીજીએમએલને સજીવન કરવા કેબિનેટની મંજુરી માંગી


ફોન : ૨૫૩૫૧૫૩૮
**ઓનેસ્ટ સિલ્ક સેન્ટર**
દાણી જોર્ઝટ, સીફોન, બાંધણી, જાલીના ફેન્સી દુપટ્ટા મળશે
દરેક જાતના મેચિંગ દુપટ્ટાના સ્પેશ્યાલિસ્ટ
ગોળ ગલી, આબાદ માર્કેટ, ઢાલગરવાડ, અમદાવાદ.


## હાલ અટારી-વાઘા સરહદે માત્ર એક જ પ્રવેશ દ્વાર

# વાઘા સરહદે વધુ એક ચેક પોઈન્ટ બનાવવાની તૈયારી

**પાકિસ્તાન સરકાર સાથે વાતચીત કરવા ગૃહમંત્રાલયની વિદેશ મંત્રાલય સમક્ષ રજૂઆત : ટ્રાફિક ઘટાડવાનો હેતુ**

(એજન્સી) નવી દિલ્હી,તા.૪
ભારત અને પાકિસ્તાન વચ્ચે સતત વધી રહેલા ટ્રાફિકના પરિણામ સ્વરૂપે આ સ્થિતિને હળવી કરવાના હેતુસર હવે અટારી-વાઘા સરહદ ઉપર વધુ એક આંતરરાષ્ટ્રીય ચેકપોઈન્ટ બનાવવાની હિલચાલ હાથ ધરવામાં આવી છે.

ગૃહ મંત્રાલય ઈચ્છે છે કે આ મુદ્દા પર વિદેશ મંત્રાલય દ્વારા પાકિસ્તાન સરકાર સાથે વાતચીત કરવામાં આવે કારણ કે નવા ચેકપોઈન્ટ બનાવવા માટે પાકિસ્તાન સરકારની મંજુરી પણ જરૂરી છે. સરકાર આંતરરાષ્ટ્રીય સરહદ પર ૬૩૫ કરોડના ખર્ચે ૧૩ ચેકપોસ્ટ સ્થાપિત કરવાની દિશામાં આગળ વધી રહી છે. હાલના સમયે અટારી-વાઘા સરહદ પર માત્ર એકજ પ્રવેશ અને બહાર જવા માટે માર્ગ છે. આ ગેટ પર દરરોજ સાંજે રીટ્રીટપરેડ હોવાના કારણે ટ્રાફિકની સ્થિતિ સર્જાઈ જાય છે. આ ગેટ દરરોજ કેટલાક કલાકો માટે બંધ રહે છે. જેથી લોકો અને ચીજવસ્તુઓની અવરજવરને માઠી અસર થાય છે. આંકડાઓના જણાવ્યા મુજબ વાઘા સરહદ મારફતે દરરોજ ૨૦થી ૩૦ ટ્રક પસાર થાય છે. જ્યારે એપ્રિલ-ઓક્ટોબર ૨૦૦૯ દરમિયાન પાકિસ્તાનને આ સરહદ મારફતે ૨૯૯.૧૪ કરોડની નિકાસ કરવામાં આવી હતી. જ્યારે વર્ષ ૨૦૦૮માં આજ ગાળા દરમિયાન ૧૦૫.૭૧ કરોડની નિકાસ કરાઈ હતી. હાલના સમયમાં પાકિસ્તાનને ભારત તરફથી જુદીજુદી ચીજવસ્તુઓની નિકાસ કરવામાં આવે છે જેમાં બટાકા, ટામેટા, કપાસ, મસાલાનો સમાવેશ થાય છે. બીજાબાજુ પાકિસ્તાન તરફથી એપ્રિલ-ઓક્ટોબર ૨૦૦૯ના ગાળા દરમિયાન ૧૮૨.૪૮ કરોડની આયાત કરવામાં આવી હતી. વર્ષ ૨૦૦૮માં આ આંકડો ૧૭૯.૨૮ કરોડનો હતો. ભારત-પાકિસ્તાન વચ્ચે ટ્રકોની અવરજવર ૨૦૦૭થી શરૂ થઈ હતી.

### એક ચેકપોઈન્ટથી અડચણો

- અટારી-વાઘા સરહદ પર એક ચેક પોઈન્ટ હોવાના કારણે ટ્રાફિક ખૂબ વધી ગયો છે
- સરહદે માત્ર એક જ પ્રવેશ અને બહાર જવાનો રસ્તો હોવાથી દબાણ
- એકજ ગેટ પર દરરોજ સાંજે રિટ્રીક પરેડથી ગેટને દિવસમાં કલાકો સુધી બંધ રાખવામાં આવે છે જેથી લોકો અને ચીજવસ્તુઓની અવરજવરને અસર થાય છે
- વાઘા સરહદથી દરરોજ ૨૦થી ૩૦ ટ્રકો પસાર થાય છે
- ૨૦૦૯માં પાકિસ્તાનને ૨૯૯.૧૪ કરોડની નિકાસ કરાઈ


## ગુજરાત ટુડે ટચુકડી જાહેર ખબર

### વેચવાનું છે

**વેચવાનો છે**
ફ્લેટ, ત્રીજે માળ, સ્ટરલીંગ સેન્ટર, પુષ્પક બિલ્ડીંગની બાજુમાં ખાનપુર મુસ્લિમ વિસ્તાર, 9723322961, 25600310.

**ફ્લેટ વેચવાનો છે**
૧૨૦ વાર, પાર્ક પ્લાઝા કાગદીવાડ, ફોન નંબર ૯૮૯૮૩૮૬૮૭૫.

**ડુપ્લેક્ષ વેચવાનો છે**
જૂના કરારવાળો અંબર ટાવર પાછળ જુહાપુરા, 9998899104.

જુહાપુરા એવન્યુમાં 2 BHK પેન્ટહાઉસ તેમજ 3 BHK ફ્લેટ વેચવાનો છે એવન પ્રોપર્ટી કન્સલ્ટન્ટ, 9998880678, 9227777881.

વિશાલા સર્કલ પાસે NANOC ટાઈટલ ક્લિયર 650 વારનો પ્લોટ વેચવાનો છે એવન પ્રોપર્ટી કન્સલ્ટન્ટ, 9998880678, 9227777881.

### મકાન અને જમીન ભાડે-વેચાણ

મુસ્લિમ વિસ્તારમાં ફ્લેટ/બંગલો/ટેનામેન્ટ પ્લોટ/દુકાન લેવા વેચવા તેમજ ભાડે આપવા માટે મળો એવન પ્રોપર્ટી કન્સલ્ટન્ટ, 9998880678, 9227777881.

જુહાપુરા ખાદીમ સોસાયટી પાસે ૧૦૦ વારના લીફ્ટ સાથે ફ્લેટ ભાડે આપવાનો છે, કોન્ટેક્ટ નં. 9601091149.

જુહાપુરામાં ટેનામેન્ટ અરજન્ટ જોઈએ છે જૂની શરત તેમજ ટાઈટલ ક્લિયર એવન પ્રોપર્ટી કન્સલ્ટન્ટ, 9998880678, 9227777881.

### લગ્ન વિષયક

**યુનિવર્સલ મુસ્લિમ મેરેજ બ્યુરો**
વેલ એજ્યુકેટેડ યુવક અને યુવતીઓના ૨૫૦૦થી વધુ બાયોડેટા ઓલ ઓવર ગુજરાત અને NRI મેમ્બરના બાયોડેટા જોવા રૂબરૂ મળો. ૨૪૪, સાકાર : ૭, નહેરૂબ્રિજ કોર્નર આશ્રમ રોડ, અમદાવાદ. 9925811162, 9825091851, www.ummbonline.com

**ક્વિક મેરેજ બ્યુરો**
૨૫ વર્ષીય B.S.C., MLT, થયેલ MBA (રનીંગ) લેબ. ટેકનિશિયન તરીકે જોબ કરતી સુન્ની વ્હોરા યુવતી માટે યોગ્ય એજ્યુકેટેડ વેલસેટ યુવકોના વાલીઓ સંપર્ક કરે, (૦૨૬૫) ૩૨૯૩૮૨૬ (મો) ૯૮૨૫૧૩૮૯૫૧૪, ૯૯૯૮૦૧૬૦૩૮.

### અગત્યની સૂચના

લગ્ન વિષયકની જાહેરખબરમાં વિજ્ઞાપન દાતાએ આપેલી માહિતી ઉપર વિશ્વાસ મૂકતાં પહેલા વાચકે પૂરતી ચકાસણી કરી લેવી. જેની ખાસ નોંધ લેવી. -વ્યવસ્થાપક

**ટચૂકડી જાxખ ગુજરાત ટુડે**
ભાવ શબ્દ દીઠ રૂપિયા ૮/-
વ્યવસાય/નોટિસ તેમજ અન્ય રૂપિયા ૧૦/-

### વ્યવસાયીલક્ષી/અન્ય

હવે સરખેજ જુહાપુરામાં પાનકાર્ડ-૯૪, ઈન્કમટેક્ષ-૨૦૦ પાસપોર્ટ-૨૦૦, માંડલ કન્સલ્ટન્સી, હોટલ પેલેસની બાજુમાં, સરખેજ ત્રણ રસ્તા, મો.૯૦૯૯૮૫૨૭૨૧.

**ગુજરાત ટુડે**
ટચૂકડી જાxખ આપનારાઓ માટે ખાસ ઓફર
રવિવાર અંકમાં જાxખ આપનારને બુધવારના અંકની જાxખમાં ૫૦% રાહત આપવામાં આવશે.
(જાહેરખબર વ્યવસ્થાપક)

નીચેના સેન્ટરો ઉપર આપની ટચૂકડી જાxખ સ્વીકારવામાં આવશે
**ખાનપુર સેન્ટર**
ગુજરાત ટુડે સીટી ઓફિસ
કલ્યાણીવાડ, ખાનપુર, અમદાવાદ
ફોન : ૨૫૫૦૩૪૬૫
સરખેજ જુહાપુરા વિસ્તારના અમારા અધિકૃત એજન્ટ
**ફિરદોશ સિમેન્ટ ડેપો**
ગુજરાત એગ્રો, પેટ્રોલપંપ સામે, સરખેજ રોડ, જુહાપુરા, અમદાવાદ, ફોન : ૯૯૯૮૮૮૦૩૩૦
તદઉપરાંત અમારી બ્યુરો ઓફિસ તથા જિલ્લા પ્રતિનિધિઓને પણ જાહેરખબર આપી શકો છો